પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : THURSDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે રાજ્યમાં આજથી 18 નવેમ્બર દરમિયાન "જનજાતીય ગૌરવ સપ્તાહ"ની ઉજવણી કરાશે.
2. સ્વચ્છ સર્વેક્ષણ 2025 - 26માં 'સ્વચ્છ શહેર જોડી' કેટેગરીમાં અમદાવાદ અને સાણંદ દેશભરમાં પ્રથમ ક્રમે.
3. દિવાળીના તહેવારો દરમિયાન ઇમરજન્સીના કેસમાં 56 ટકાનો વધારો નોંધાયો.
4. અમૂલના દૂધનો ભાવ વધારો આજથી અમલી બન્યો.
5. વડોદરા એરફોર્સ સ્ટેશન ખાતે આજથી 15 નવેમ્બર દરમિયાન ભારતીય વાયુસેનાની સારંગ ટીમ દ્વારા દિલધડક એર શો યોજાશે.
6. પુરુષોની અંડર-19 એશિયા કપ ક્રિકેટ મેચમાં, આજે ઓમાનમાં બીજી સેમિફાઇનલમાં ભારતનો મુકાબલો અફઘાનિસ્તાન સામે થશે.

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

BIRSA MUNDA JANM JAYANTI UJAVANI

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા આજથી 18 નવેમ્બર દરમિયાન "જનજાતીય ગૌરવ સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં પંદરમી નવેમ્બરે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે છોટાઉદેપુરમાં રાજ્યક્ષાની ઉજવણી થશે.

વર્ષ 2047 સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં આદિજાતિ સમુદાયને સમાન સહભાગી બનાવવાના લક્ષ્ય સાથે આ ઉજવણી અંતર્ગત રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.સાંભળીએ એક અહેવાલ

(V/C – HARSHAL PANDYA)

(*આ ઉજવણી અંતર્ગત 13 નવેમ્બરના રોજ 14 આદિજાતિ જિલ્લાઓના ૫૫ વિધાનસભા ક્ષેત્રોમાં 'જનજાતિ યુવા સભા' 14 નવેમ્બરે ભગવાન બિરસા મુંડા અને અન્ય મહાનુભાવો તેમજ મહાનાયકોની પ્રતિમાઓની આસપાસ સ્વચ્છતા અભિયાન તથા સંત-મહંતોનું ગૃહ સન્માન, સાંજે દરેક ગ્રામ પંચાયતમાં જાહેર કે ધાર્મિક સ્થળો પર મહિમા પઠન, દીપોત્સવ, આરતી અને ભજન સંધ્યાનું ભક્તિસભર આયોજન કરવામાં આવશે. 15 નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે તેમની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે અને ત્યારબાદ અંદાજે 10 હજાર જેટલા નાગરિકો પરંપરાગત વસ્ત્રો, વાજિંત્રો અને નૃત્યો સાથે વિશાળ શોભાયાત્રામાં જોડાશે.*

આ કાર્યક્રમો દરમિયાન વન અધિકાર પત્રોનું વિતરણ, જનજાતિય વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન તેમજ લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવશે. જ્યારે 16 નવેમ્બરે પ્રબુદ્ધ નાગરિકોની સભા યોજાશે.

જ્યારે 17મીના રોજ આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમી ગિલ્લી દંડા, તીરકામઠા, કોથળાદોડ, સાતોડિયું, ભમરડો, આમલીપીપળી, લંગડી અને કબડ્ડી જેવી 15થી વધુ વિસરાતી જતી પરંપરાગત રમતો સાથે રમતોત્સવનું આયોજન કરાશે. ઉજવણીના અંતિમ દિવસે 18 નવેમ્બરના રોજ આદિજાતિ સમુદાયની 250 મહિલા અગ્રણીઓ સાથે 'મહિલા સભા' યોજી આ સપ્તાહભરના મહોત્સવની પૂર્ણાહુતિ થશે.)

AHMEDABAD SWACCHATA AWARD

અમદાવાદ મહાનગરપાલિકાએ સમગ્ર દેશમાં સ્વચ્છતા મેન્ટર સિટી તરીકે પ્રથમ ક્રમ હાંસલ કરી શહેરની સ્વચ્છતા ક્ષેત્રેની આગવી સિદ્ધિમાં વધુ એક યશકલગીનો ઉમેરો કર્યો હોવાનું અમદાવાદ મહાનગર પાલિકાના કમિશનર બચ્છાનિધિ પાનીએ જણાવ્યુ હતું.

(બાઇટ - બચ્છાનિધિ પાની, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર)

સ્વચ્છ શહેર જોડી કેટેગરી અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકાએ મેન્ટર સિટી તરીકેની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી ગુજરાતનાં અન્ય શહેરો, જેમાં સાણંદ, રાણાવાવ, વાંકાનેર, સલાયા અને મુન્દ્રા-બારોઈનો સમાવેશ થાય છે, તેમને સ્વચ્છતા ક્ષેત્રે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ અંતર્ગત કચરાનું વર્ગીકરણ, વપરાયેલા પાણીનું વ્યવસ્થાપન, ઘન કચરા વ્યવસ્થાપન તેમજ સ્વચ્છતા કર્મચારીઓના કલ્યાણ જેવા વિવિધ વિષયો પર માર્ગદર્શન અને સહયોગ આપવામાં આવ્યો હતો. તેમ મ્યુનિસિપલ કમિશનર બચ્છાનિધિ પાનીએ જણાવ્યુ હતું.

(બાઇટ - બચ્છાનિધિ પાની, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર)

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું "જ્યારે નાગરિકો નેતૃત્વ કરે છે, અને સ્વચ્છતા દૂતો સેવા આપે છે, ત્યારે શહેરો ચમકે છે!"

તેમણે આ સિદ્ધિઓનો શ્રેય નાગરિકોની સામૂહિક ભાગીદારી, સ્વચ્છતા દૂતો અને સ્વચ્છતા કાર્યકરોના પ્રયાસો અને શહેરી સ્થાનિક સંસ્થાઓના સમર્પણને આપ્યો હતો.

DIWALI – EMERGENCY CASES

દિવાળી દરમિયાન રાજ્યમાં કુલ 5 હજાર 934 ઈમરજન્સી કેસ નોંધાયા. હેલ્પલાઇન નંબર 112 પર સામાન્ય દિવસોના 3 હજાર 610 કોલની સામે દિવાળીના દિવસોમાં 5 હજાર 651 ઇમરજન્સી કોલ નોંધાયા, જે 2026 ના સામાન્ય દિવસોની સરખામણીમાં 56.54 ટકાનો દર્શાવે છે.

સામાન્ય દિવસોમાં 112 પર આગ સંબંધિત માત્ર 55 બનાવો નોંધાતા હતા, જે દિવાળી દરમિયાન વધીને 366 પર પહોંચી ગયા છે. દિવાળી દરમિયાન દાઝી જવાના 62 ઇમરજન્સી કેસ નોંધાયા હતા. જ્યારે 108 EMS સેવા હેઠળ વાહન અકસ્માતના કેસો વધીને 1212 હજાર થયા હતા, જેમાં સામાન્ય દિવસોની સરખામણીએ 87.49 ટકાનો વધારો દર્શાવે છે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

MILK PRICE INCRECE

અમૂલ દ્વારા દૂધના ભાવમાં વધારો કરાયો છે. અમૂલ ગોલ્ડના ભાવમાં પ્રતિ લિટર 4 રૂપિયા અને અમૂલ તાજાના ભાવમાં 2 રૂપિયાનો વધારો આજથી લાગુ થયો છે. ગ્રાહકોએ આજથી અમૂલ ગોલ્ડના અડધા લિટર પાઉચના 35ના બદલે 37 રૂપિયા અને અમૂલ તાજાના અડધો લિટર પાઉચના 29ના બદલે 30 રૂપિયા ચૂકવવા પડશે. જોકે ગોલ્ડ અને તાજા સિવાયની અમૂલની અન્ય પ્રોડક્ટના ભાવમાં કોઈ વધારો કરાયો નથી.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન - GCMMFના જણાવ્યા અનુસાર, દૂધ ઉત્પાદન અને પ્રોસેસિંગના ખર્ચમાં વધારો થવાને કારણે ભાવ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

PRAFULL PANSHERIYA – AMRELI VISIT

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ અમરેલીમાં ભૂખરીયા હનુમાનજીના દર્શન કર્યાં. મંદિરના ટ્રસ્ટી મંડળ અને આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે તેમને ભૂખરીયા હનુમાનજીની મૂર્તિની સ્મૃતિરૂપ ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

AHMEDABAD CHHATH PUJA

અમદાવાદમાં લોકઆસ્થાના મહાપર્વ છઠ્ઠી પૂજાને લઈને તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શહેરના ઇન્દીરા બ્રિજ ખાતે આગામી 15 અને 16 નવેમ્બરના રોજ છઠ્ઠ મહાપર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

છઠ્ઠ મહાપર્વ સમન્વય ટ્રસ્ટ અને હિન્દી ભાષી મહાસંઘ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે અંદાજે 20થી 22 હજાર શ્રદ્ધાળુઓ ઇન્દ્રા બ્રિજ ખાતે પહોંચી છઠ્ઠી મૈયાની આરાધના કરે છે.

આ વર્ષે શ્રદ્ધાળુઓની સુવિધા માટે બે ઘાટ તૈયાર કરવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું છઠ મહાપર્વ સમન્વય ટ્રસ્ટના સયોજક સેન સિહે જણાવ્યું હતું.

(બાઇટ: સોનાસિંહ, આયોજક, છઠ્ઠ મહાપર્વ સમન્વય ટ્રસ્ટ)

VADOADARA AIR SHOW

વડોદરા એરફોર્સ સ્ટેશન ખાતે આજથી થી 15 નવેમ્બર દરમિયાન ભારતીય વાયુસેનાની સારંગ ટીમ દ્વારા ભવ્ય એર શો યોજાશે.

11 સ્ક્વોડ્રનની પ્લેટિનમ જ્યુબિલી ઉજવણી નિમિત્તે આ વખતે વિશેષ આયોજન કરાયું છે. જેમાં પાંચ હેલિકોપ્ટર દ્વારા આકાશમાં અદભુત કરતબોનું પ્રદર્શન, સ્વદેશી ALH ધ્રુવ હેલિકોપ્ટર દ્વારા વિવિધ આકર્ષક આકૃતિઓ, હેલિકોપ્ટરની હાઈસ્પીડ અને ક્લોઝ ફોર્મેશન ઉડાન મુખ્ય આકર્ષણ બનશે.

આજથી વડોદરાના આકાશમાં ભારતીય વાયુસેનાની શક્તિ અને કૌશલ્યનો રોમાંચક નજારો જોવા મળશે.

BHAIBIJ UJVANI

રાજ્યભરમાં ગઇકાલે ભાઈ – બહેનના સ્નેહના પ્રતિક સમા ભાઇબીજના તહેવારની ઉજવણી કરવામાં આવી. બેહેનોએ પોતાનાના ભાઈઓને પ્રતિફળ આપી તેમના દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરી હતી.

પોરબંદરમાં માધવપુર ઘેડમાં ભાઈબીજના દિવસે સમુદ્રમાં સ્નાન કરવા શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. આ દિવસે યમુનામાં સ્નાન કરવાથી જે પુણ્ય મળે છે તેવું જ પુણ્ય માધવપુરના સમુદ્રમાં સ્નાન કરવાથી મળે છે તેવી માન્યતા છે.

પાટણમાં સરસ્વતી નદી કિનારે મેલડી માતાના મંદિરે ભાઈબીજનો મેળો ભરાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

DIV VISITORS

દિવાળીની રજાઓમાં કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. ઐતિહાસિક દીવ કિલ્લો, પોર્ટુગીઝ શાસનકાળની સ્થાપત્ય ધરોહર, પાણી કોઠા, સેન્ટ પોલ ચર્ચ, ગંગેશ્વર મહાદેવ મંદિર, ખુકરી મેમોરિયલ અને ચક્રતીર્થ બીચ સહિતના સ્થળોએ પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી.

બીજી તરફ દીવની મુખ્ય બજારોમાં પણ પ્રવાસીઓની અવરજવર વધતાં બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

DANG THAKARIYA DANCE

દિવાળીના પર્વ દરમિયાન ડાંગના આદિવાસી વિસ્તારોમાં ઠાકરિયા નૃત્યની રમઝટ જોવા મળે છે. પરંપરાગત પગમાં બાંધેલા ઘૂઘરા અને તાલબદ્ધ હિલચાલ સાથે નર્તકો પોતાની આગવી કલા રજૂ કરે છે. હાલે ડાંગ જિલ્લાના ગામડાઓમાં દરરોજ ઠાકર્યાં નૃત્ય યોજાઇ રહ્યાં છે. દિવાળીના તહેવારમાં પાંચ દિવસ સુધી રજા હોય ત્યારે લોકો ગામડે ગામ આ લોક પરંપરાગત નૃત્ય કરી આનંદ અને ઉલ્લાસ માણતા હોય છે.

આ નૃત્યની શરૂઆત દેવ-દેવીઓ અને ધરતીમાતાની આરાધનાથી થાય છે. નૃત્ય દરમિયાન લોકગીતો, પૌરાણિક કથાઓ, રામાયણ અને મહાભારતના પ્રસંગો તેમજ સવાલ-જવાબની પરંપરા દ્વારા લોકસંસ્કૃતિના અનોખા દર્શન થાય છે તેમ આ નૃત્યના જાણકારે રાજુ ગાવીતે જણાવ્યું હતું.

PUBLIC SERVICE BROADCASTING DAY

આજે જાહેર સેવા પ્રસારણ દિવસ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા ઓલ ઈન્ડિયા રેડિયો પર આપેલા ઐતિહાસિક ભાષણની યાદમાં દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે છે. પ્રસારણના ઇતિહાસમાં આ એક મહત્વપૂર્ણ દિવસ છે; 1947 માં આજના દિવસે, મહાત્મા ગાંધીએ નવી દિલ્હીમાં બ્રોડકાસ્ટિંગ હાઉસની પ્રથમ અને એકમાત્ર મુલાકાત લીધી હતી.

UNDER-19 ASIA CUP CRICKET

પુરુષોની અંડર-19 એશિયા કપ ક્રિકેટ મેચમાં, આજે ઓમાનમાં બીજી સેમિફાઇનલમાં ભારતનો મુકાબલો અફઘાનિસ્તાન સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાડા દશ વાગ્યે શરૂ થશે. આજે સવારે પ્રથમ સેમિફાઇનલમાં પાકિસ્તાનનો મુકાબલો બાંગ્લાદેશ સામે છે.